


ॐ

॥ तत्सत् परमात्मने नमः ॥

શ્રી સગિત કાવ્યમાં

સત્યનારાયણ કથા.

મુળ સંસ્કૃત ઉપરથી

મર્હુમ પુજ્ય કથાકાર લવજીભાઇ લક્ષ્મીરામ ભટ્ટના સ્મણાર્થે

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર:—

વિજયશંકર લવજીભાઇ શર્મા.

મુ. રાજુલા (કાઠીયાવાડ.)

સંવત ૧૯૮૭ માર્ગશિર્ષ શુદિ પૂર્ણિમા.

આવૃતિ પહેલી] [પ્રત ૧,૦૦૦

ધર્મોપદેશકોને વીના મુલ્યે આપવામાં આવશે.

કિંમત ચાર આના.

નિવેદન.

મારા મહુંમ પુજ્ય પીતાશ્રી લવજીભાઇ લક્ષ્મીરામ ભટ્ટ પોતાની ચાળીશ વર્ષની વયમાં, ધર્મગ્રંથ તથા સંગીતનો યોગ્ય અભ્યાસ કરી ધર્મ ઉપદેશક કથાકાર તરીકે કીર્તી સમ્પાદન કરી તેઓશ્રીએ સંગીત કવીતામાં સતિવૃન્દા વ્યાખ્યાન તથા લોકહિત ઉપયોગી કાવ્યો રચ્યાં ત્યાર બાદ આધુનીક લોક રૂચીને પ્રિય થાય તેવું સંગીતમાં સત્યનારાયણ વ્યાખ્યાન મુળ સંસ્કૃત ઉપરથી રચી પ્રસિદ્ધ કરવા ઇચ્છા હતી તે સમયમાં અચાનક બીમારી આવતાં તેમનો સ્વર્ગવાસ થયો. મહુંમની ઇચ્છા પુર્ણ કરવા મારી અલ્પ મતિ અનુસાર સંગીતના ઉમંગથી પ્રભુ ભક્તિ થાય તેવો આ સદ્ઉપયોગી લઘુ ગ્રંથ રચી વાંચક વર્ગ સમક્ષ રજુ કરૂં છું, આશા રાખું છું કે તેમાં જણાતા દોષો તરફ ક્ષમતા દર્શાવી સુજ્ઞ મહાશયો હંસ વૃતિથી વાંચી પ્રભુ સ્મર્ણ કરશે તો હું મારો પ્રયત્ન સફળ થયો માનીશ આ કથાની કવિતાઓ રચવામાં રા. મુખ્યાજી જમુનાદાસ રાજુલાવાળાએ તથા કવિ રેવાશંકર વી. રોહીસાકરે યોગ્ય માર્ગ બતાવી જે મદદ આપી છે તે માટે તેમનો અંતઃકરણથી આભાર માનું છું.

કથાનો પ્રચાર કરવાના પ્રયાસને સફળ કરવામાં શ્રીમદ્ શંકરાચાર્યજીના શીષ્ય ભગવાનજી શર્મા (જાળીયાવાળા) ધર્મ ઉપદેશકે હરિકીર્તન દ્વારા જે સહાયતા આપી છે તો તે મહાશયનો પણ રૂણી છું અને ઇચ્છું છું કે ભારત વર્ષના હરિકીર્તન દીવાકરો આ કથાનો પ્રચાર કરવામાં મને મદદ રૂપ થશે. એજ વિનંતી.

રાજુલા, } લી૦ આપનો,
તા. ૧૮-૧૨-૨૬. } વિજયશંકર શર્મા.

શ્રી

સત્યનારાયણની સંગીત કથા.

મંગળાચરણ.

॥ श्लोक ॥

રાગ ગિતી.

सजयति सिन्दुरवदनो देवो यत्पादपंकज स्मरणम् ॥
वासरमणिरिव तमसां राशिं नाशयति विघ्नानाम् ॥

॥ श्लोक ॥

રાગ શાર્દુલ.

यं ब्रह्मावरुणेंद्र रुद्र मरुतः स्तुन्वंति दिव्यैः स्तवैर,
वेदैः सांग पदक्रमोपनिषदैर्गायंति यं सामगाः ।
ध्याना वस्थित तद्गतेन मनसा, पश्यंति यं योगिनो,
यस्यां तनु विदुः सुरासुर गणा, देवाय तस्मै नमः ॥

श्री प्रभु स्तुति.

રાગ સોરઠ.

સજનો સત્યદેવ સંભારો, પ્રભુનામ હૃદયમાં ધારોરે,
સંભારતાં નવ દામજ બેસે, માટે હરિ ચિત્ત ધારોરે. સજનો. ૧
ચરણે રાખી સંકટ હરશે, સુંદીર છેલ છોગાળોરે.
માગું શ્રીહરિ ચરણે રાખો, આ ભવથી હવે તારોરે—સજનો. ૨

॥कथा प्रारंभ॥

(નૈમિષારણ્યમાં શૌનકઆદિ રૂષિએ સૂતપુરાણીકને પુછે છે.)

રાગ ત્રીતાલી ચોપાઇ.

એકદીન નૈમિષારણ્ય માંહિ, અઠ્યાસી સહસ્ત્ર મુની છે ત્યાંહિ,
ત્યાં સૂતમુની ફરતા આવ્યા, વેદ શાસ્ત્રો પુરાણો લાવ્યા.
વિધિ સહિત સેવા સ્વાગત કીધું, બેસવાને દર્ભાસન દીધું,
પ્રશ્ન પુછે શૌનકમુનિ ત્યાંય, કહો કંઇ વૃતથી સુખ થાય.

રાગ મરાઠી સાખી.

શૌનક મુનીનો પ્રશ્ન સુણીને, સૂત પુરાણીક ગાય,
શ્રવણુ કરશો સજ્જન શ્રોતા, સત્યદેવની કથાય;
તો સુખ થશે.........દુઃખ સહિત પાપ જશે.

॥ श्लोक ॥

नारदेनैवसंपृष्टो भगवान्कमलापतिः ।
सुरर्षये यथैवाह तच्छृणुध्वं समाहिताः ॥

અર્થ:—નારદમુનિએ આજ રીતનો પ્રશ્ન ભગવાન લક્ષ્મી-પતિને પૂછયો હતો. નારદમુનિને પરમાત્માયે જે પ્રમાણે કહ્યું હતું, તે પ્રમાણે હું તમને કહું છું. તમો સઘળા એક ચિતથી સાંભળો.

રાગ લાવણી.

પૂર્વ કાળમાં નારદમુનિજી, મૃત્યુ લોકે આવ્યા ફરવા,
સર્વ સૃષ્ટિને દુઃખી જોઇને, વિચાર મન લાગ્યા કરવા;
મૃત્યુ લોકનાં પ્રાણી માત્રનું, દુઃખ હોય તે દુર કરવું,
પરોપકાર કરવાને અર્થે, કમળાપતિને જઇ પ્રણમું.

(નારદમુનીનું વિષ્ણુ લોકમાં આવવું)

રાગ ગિતી.

વિષ્ણુ લોકમાં આવ્યા, (૨) વીણાધર વિચાર મન કરતા,
કમળા કંથને જોયા, વૈકુંઠપુરીના દ્વારે પગ ધરતા.

રાગ લાવણી.

શંખ ચક્ર ને ગદા પદ્મધર, વનમાળા કંઠે ધારી,
સુખકર દુઃખહર શ્રીવર જોયા, ગરૂડાસનપર ગીરધારી.
પડ્યા પ્રેમથી નારદ પાયે, રમાપતીને નામિ શીષ,
ઉભા થૈને આસન આપ્યું, પુછવા લાગ્યા ગરૂડાધીષ.

વિષ્ણુ— રાગ આશા.

અજસુત પ્રત્યે કહે અવીનાશી, (૨) કેમ દીસો છો આપ ઉદાસી
અજસુત.
કારણ તેનું શું છે પ્યારા, (૨) વીનાં વીલંબે કહો આવારા
અજસુત.
ભક્ત દુઃખે મને દુઃખ બહુ થાયે, (૨) આપ દુઃખે મમ હૃદય
ચીરાયે—અજસુત.
કહો મુનિ ઇચ્છા શું છે જણાવો, (૨) વાર લગાડી ના
તરસાવો—અજસુત.

નારદજી— રાગ મરાઠી સાખી.

વચન વિષ્ણુના સુણી વીણાધર, વદ્યા વાણી સ્વ મુખે.
અનેક યોનીમાં મૃત્યુ લોકે, મનુષ્ય પીડાયે દુઃખે;
જોઇ એ પ્રભુજી................ગમ હૃદય રહ્યું મુંજી

વિષ્ણુ— રાગ મરાઠી સાખી.

નારદજી તમો પર ઉપકારી, ચીતથી તમને ચાહું,
મનુષ્ય માત્રનાં દુઃખ હરવાને, વૃત હું એવું બતાવું;
સૌ દુઃખ જાએ...........થોડા ખર્ચોથી થાએ.

નારદજી— ॥ श्लोक ॥

किं फलं किं विधानं च कृतं केनैव तदव्रतम्
तत्सर्वं विस्तराद् ब्रूहि कदा कार्यं हि तदव्रतम्

અર્થ—આ વૃત કરવાનું ફળ શું છે? આ વૃતનો વિધિ શું છે? તેમજ આ વૃત કોણે પ્રથમ કર્યું હતું? આ સઘળું આપ મને વિસ્તાર પૂર્વક કહો.

વિષ્ણુ— રાગ ગિતી.

કળી કાળમાં વિષ્ણુ, (૨) સત્યનારાયણ નામે પંકાશે,
તેનું વૃત કર્યાથી, (૨) સુખ ભોગવી અંતે સ્વર્ગ જાશે.

રાગ નાર જાકી પતિવરતા.

કરે વૃત જે વિષ્ણુનું, લીએ સુખ સર્વે જગમાં—કરે વૃત જે.
રોગ શત્રુ પીડા જાએ, પ્રભુને ભજે જનભાવે. (૨)
થશે સુખથી લક્ષ્મીવાન જગમાં, લક્ષ્મીવાન જગમાં—કરે વૃત જે.
હશે કોઇ વંઝાનારી, પુત્ર પામે વૃતથી ભારી. (૨)
સુખ થાશે વૃતથી, દુઃખ જાશે જગમાં, દુઃખ જાશે જગમાં—
કરે વૃત જે.

દોહરો.

વ્રત કરવું શુભ દિવસે, શ્રદ્ધા ભક્તિ સહીત;
સાયકાળે શરૂ કરો, બાંધવ વિપ્ર સહીત.

શ્રી વિષ્ણુ પરમાત્માને નારદમુની ફરીવાર પુછે છે કે, કૃપાળુ! સત્યનારાયણ વ્રત કરવામાં પુજન સામગ્રી તથા નૈવેદ શું જોઇએ તે કૃપા કરી જણાવો.

વિષ્ણુ— રાગ બળવંતા છો બેલી.

નારદજી પ્રીતે કરજોરે, ભક્તિ અમારી,
સામગ્રી ધરજો સારીરે, ભક્તિ અમારી;
કદળીનાં પત્ર રૂપાળાં, લેવાં લીલાં શોભાળાં. (૨)
પંચામત્ર પુષ્પની માળારે, ભક્તિ અમારી,
શ્રદ્ધાથી સ્વચ્છ મેવો, નૈવેદ ધરવા લેવો. (૨)
પ્રીતેથી પ્રભુને દેવોરે, ભક્તિ અમારી,
કેરી, નારંગી, કેળાં, દાડમ, પોપૈયાં ભેળાં. (૨)
પરિપૂર્ણ લેવાં તે વેળારે, ભક્તિ અમારી,
સાકર ને રવો લાવી, દુધ'ને ઘીમાં પકાવી. (૨)
ધો ભાવે ભોગ ધરાવીરે, ભક્તિ અમારી.

વિષ્ણુ— ॥ श्लोक ॥

विप्राय दक्षिणां दद्यात्कथां श्रुत्वा जनैः सह ।
तत श्च बंधुभिः सार्धं विप्रांच प्रतिभोजयेत् ॥

અર્થ—વિષ્ણુ પરમાત્મા કહે છે કે બ્રાહ્મણોને દક્ષિણા આપવી અને બંધુવર્ગ સાથે વિપ્રના મુખથી કથાનું શ્રવણ કરવું ત્યારબાદ બ્રાહ્મણોને ભોજન કરાવી બંધુવર્ગ સાથે પોતે જમવું.

રાગ ગિતી.

સંગિત ગાન પ્રીતેથી (૨) પ્રભુ રીઝવવા પ્રસાદ લઈ કરવુ
પ્રભુ ચરણ ચીત ધારી (૨) પુર્ણ ભરોંસે વૃત પુરૂં પુરવુ

વિભુવાકય— ॥ श्लोक ॥

एवं कृते मनुष्याणां वांछासिद्धिभवेद् ध्रुवम् ।
विशेषतः कलियुगे लघुपायो स्ति भूतले ॥

અર્થ—આ મુજબ વ્રુત કરવાથી મનુષ્યોની મનોકામન
અવશ્ય સિધ્ધ થાય છે, કલિયુગમાં પૃથ્વીપર આ ઉપા
વિશેષ કરી ટુંકો અને સરલ છે.

દોહરા.

પ્રથમ અધ્યાય પ્રીતથી, વૃત વિધીનો કહેવાય,
મુળ સંસ્કૃત ઉપરથી 'વિજય' કાવ્ય રચી ગાય.

પ્હેલો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨ જો.

(નૈમિષારણમાં શૌનકાદિ મુનીઓ સુત પુરાણીકને પુછે
કે મહારાજ શ્રી વિશેષ વૃત્તાંત સાંભળવાની અમારી ઇચ્છા છે.

મુનીઓ— રાગ સુણો વિવેકીભ્રાતા ભર્થરી

કહોને પૂર્વે કેણે વૃત, સુતમુની કર્યું—કહે
વીધીથી વૃત કોણુ કરી, ભવસાગર તર્યું—કહે

સુત— શીવપુરી કાશીની માંહિં, વસે વીપ્ર સતાનન્દ,
વયમાં તે વૃધ્ધ અને દુઃખી ઘણો નીર્ધન—કહે

સુતપુરાણીક—હે મુનીઓ વિપ્ર પોતાના દુઃખે કરી શ્રી પ્રભુની ભક્તિ કરતો નિત્ય ભટકતો હતો.

રાગ મરાઠી સાખી.

ભિક્ષા વૃતિ કરતો નગ્રે ફરતો, મુખથી વિષ્ણુ રટતો,
કર્મ સંજોગથી પૂર્વનાં પાપે, કલેષ નથી મુજ મટતો,
પ્રભુ કેમ કરૂં...........ભુખ દુઃખથી હું મરૂં,
(પરમકૃપાળુ પરમાત્મા વિપ્રનું દુઃખ દુર કરવા પધાર્યા)

દોહા.

દેખી વિપ્ર દુઃખી પ્રભુ, વૃદ્ધ રૂપ ધરી ત્યાંય,
વિપ્રને વેશે આવીયા, રહે સતાનન્દ જ્યાંય.

વિષ્ણુ પરમાત્મા તે દુઃખી વિપ્રને પુછે છે:—

॥ श्लोक ॥

किमर्थं भ्रमसे विप्र महिं नित्यं सुदुःखितः ।

અર્થ:—હે વિપ્ર ! તું કેમ દરરોજ દુઃખી થઇ પૃથ્વી પર ભટકે છે.

રાગ મરાઠી સાખી.

વૃદ્ધ ઉમરનો વિપ્રજ હું છું, ઘરમાં નથી ખાવાનું,
બાળબચ્ચાં છે ઝાઝાં મુજને, તેથી હું ભીક્ષા માગું;
કહું શું દુઃખથી.............પહેરવાને વસ્ત્ર નથી.

॥ श्लोक ॥

उपायं यदि जानासि कृपया कथय प्रभो ॥

અર્થ—હે પ્રભુ આનો ઉપાય આપ જાણતા હો તો કૃપા લાવી મને કહો.

વિષ્ણુ— રાગ મરાઠી સાખી.

સત્યનારાયણ વ્રત તું કરજે, પ્રભુ દુઃખ સૌ હરશે,
દુઃખ હરીદ્રને દ્રવ્ય વ્યાધીથી વિષ્ણુ સુખ તો કરશે;
વિપ્ર સત્ય કહું............વિધી કહી રજા લહું.

॥ श्लोक ॥

तद्व्रतं संकरिष्यामि यदुक्तं ब्राह्मणेन वै ।
इति संचिंत्य विप्रोऽसौ रात्रौ निद्रा न लब्धवान् ॥

અર્થ—પેલા વૃદ્ધ બ્રાહ્મણે મને જે વ્રત કહ્યું છે તે વ્રત હું કરીશ. આ રીતનો વિચાર કરતાં તે બ્રાહ્મણને રાત્રિના ઉંઘ પણ આવી નહિ.

રાગ દેસ.

પ્રભાતે વ્રત કરવું ધારીને, વિપ્ર વિચારતો રે—પ્રભાતે.
સ્નાન કરી નિત્ય કર્મજ કીધું, વ્રત આચરવાંને જળ લીધું,
પ્રભુ કૃપાએ વ્રત કરી ભોજન જમુંરે...............પ્રભાતે.
દ્રવ્ય નથી મુજ પાસે કાંઈ, પ્રભુ કથા શી રીતે થાઇ,
દ્રવ્ય વીનાં મુંજાણો. શ્રી પ્રભુ શું કરૂં રે...............પ્રભાતે.
અદૃષ્ય રૂપે વિષ્ણુ કહે છે. વિપ્ર આજે ભીક્ષાએ નીકળજે.
વ્રત કરવાને દ્રવ્ય મળશે ઘણું રે...............પ્રભાતે.

સતાનન્દ— રાગ—દાસપરે દયા લાવે રે.

ભિક્ષા વ્રતિએ હું જાઉંરે, કૃપાળુ દેવા ભિક્ષા વ્રતિએ હું જાવું,
શ્રદ્ધા ધરી વિપ્ર ચાલ્યો, દ્રવ્ય તેથી જાજું પામ્યો.
આજે વ્રત કરવું હરિ મારે રે, કૃપાળુ દેવા આજે દ્રવ્ય હું પામ્યો;

સામગ્રી સર્વે લાવ્યો, સૌને બોલાવી આવ્યો;
સગા ને સબંધી ચીત્ર આવેરે..........કૃપાળુ દેવા.
વ્રત વિધી પુર્ણ કરી, સર્વ સુખ આપે હરિ;
વ્રતથી પામ્યો હું સુખ ભારીરે.......કૃપાળુ દેવા.

॥ श्लोक ॥

ततः प्रभृतिकालं च मासि मासि व्रतं कृतम् ।
एवं नारायणस्येदं व्रतं कृत्वा द्विजोत्तमः ॥

અર્થ—ત્યાર પછી આ શ્રેષ્ઠ બ્રાહ્મણ દરેક મહિને મહિને શ્રી સત્યનારાયણ પ્રભુનું વ્રત કરવા લાગ્યો.

॥ श्लोक ॥

एवं नारायणेनोक्तं नारदाय महात्मने ॥

અર્થ—આ પ્રમાણે શ્રી સત્યનારાયણ ભગવાને નારદમુનીને કહ્યું છે.

દોહરો.

સૂતે શૌનકને કહિ, પ્રથમ વિપ્રની કથાય;
કહે કાષ્ઠ થેની હવે, ફરી વ્રત કર્યું મહિમાય.

સૂત— રાગ—દયા ધરી દીન જનોપર.

એક સમે વિપ્ર સતાનન્દ ઘેર. સત્યદેવ પ્રસર્યા,
કરે વ્રત પ્રીતી લાવીને, (૨) તેથી સર્વ દુઃખ વીસર્યા.
વિપ્ર ઘરે તેજ દિને, લટકતો ભીલ આવ્યો,
તૃષ્ણાથી પીડીત તનને, (૨) કાષ્ઠનો ભારો લાવ્યો.

ભીલ પૂછે વિપ્રને મહારાજ, તમો આ શું કરો,
કહો વ્રત કયા દેવનું, (૨) વિપ્ર શા કારણ કરો.
કરૂં વ્રત સત્યનારાયણતણું, હું પ્રીતે ભાઇ,
કરો વ્રત પ્રીતિ ભાવેથી, (૨) તો સર્વે દુઃખ જાઇ.

॥ श्लोक ॥

तस्मादेतद् व्रतं ज्ञात्वा काष्टक्रेतातिहर्षितः ॥

બ્રાહ્મણ પાસેથી આ વ્રત જ્યારે તે કઠીયારાએ જાણ્યું ત્યારે તેને અત્યંત હર્ષ પ્રાપ્ત થયો.

કઠીયારો— રાગ-ગિતી.

લઇ પ્રતીજ્ઞા કહું છું (૨) કાષ્ટ વેચતાં દ્રવ્ય મળે આજે;
વ્રત કરૂં શ્રી પ્રભુનું (૨) એ ઇચ્છાથી વેચું હરિ કાજે.

રાગ-વિરા વેશ્યાના યારી

લઈ કાષ્ટની ભારી, ઉમંગ ધારી, ભીલ ગયો ગામમાંય,
સત્યનારાયણ સ્હાય કરોને, વેચતાં લાભજ થાય;
આપ કૃપાથી દ્રવ્ય મળશે જાણું, આશા છે મન માંયરે.—લઇ.
ભીલના ભાગ્યે ગૃહસ્થ ઉભોતો, કાષ્ટ લેવાને ત્યાંય,
દામ ઘણા દઈ ભારો ખરીદ્યો, ભીલ ઘણો હરખાયરે—લઇ.

રાગ—એક નારી જગતમાં પ્યારી.

કરે વ્રત તણી તૈયારી (૨)
સગાં સહોદર કુળ ગોર મળી, શુભ આશાને ધારી (૨) કરે.
મંગળકારી વ્રત વિષ્ણુ પ્રભુનું, કર્યું ઉમંગને ધારી (૨) કરે.
ધનધાન્ય સુખ સંપતિ મળીયાં, વ્રતથી આનંદકારી (૨) કરે.

॥ श्लोक ॥

इह लोके सुखं भुक्त्वा चांते सत्यपुरं ययौ ॥

અર્થ—આ લોકમાં સુખ ભોગવી અંતે તે સત્ય લોક પ્રતિ ગયો.

રાગ-ગિતી

આ વ્રત તણા પ્રભાવે (૨) કઠીયારાને સુખ મળ્યું ભારી;
વિજય પ્રભુ ગુણ ગાવે, શ્રોતા વક્તા સર્વે સુખકારી.

દોહરો.

અધ્યાય બીજો થયો, શ્રવણ કરો શ્રોતાય;
મૂળ સંસ્કૃત ઉપરથી, 'વિજય' કાવ્ય રચી ગાય.

બીજો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૩ જો.

સૂતમુની— રાગ-શાર્દુલ.

પૂર્વે ઉલ્કામુખ રાજ્ય કરતો, શ્રી ભદ્રશીલા તીરે,
ભાર્યા પ્રમુગ્ધા સતિ પતીવ્રતા, સંતાન તો નવ ઘરે.
શ્રી વિશ્નુ વ્રત આચર્યું પ્રીત ધરી, તો પુત્ર પ્રાપ્તિ થઇ,
તે પ્રભાવથી નિત્ય વ્રત કરે, રાજા નદી તીર જઇ.

(આ સમય ઉપર વેપાર અર્થે નીકળેલ સાધુ નામના વાણીયાનું વ્હાણ સહિત રાજા પાસે આવવું.)

રાગ-ગિતી.

સાધુ વણિક ત્યાં આવી (૨) પ્રણામ કરીને વીનયથી પુછે;
રાજન આ શું કરો છો, વ્રત શેનું ને પ્રભાવ કહો શું છે.

રાજા— રાગ–કનરો.

સાંભળો સાધુ હરખ ઉર આણી (૨) વ્રત કરૂં છું તે કહું છું વખાણી—સાંભળો

સત્યનારાયણ વ્રત કરૂં છું (૨) આ વ્રતથી પુત્ર પામ્યો છું ભારી—સાંભળો

પ્રભુ પ્રસાદે વંઝાપણું જાયે (૨) દુઃખ જાયે સુખ સંપતિ થાયે સાંભળો.

સાધુવાણીયો— માલીની છંદ.

વ્રત વિધી કહો રાજા, મુજ વિનંતી સ્વિકારી,
કરીશ વ્રત હું નક્કી, બાળની આશ ધારી.
પુજન વિધી સુણીને, ઘેર આવ્યો હુલાસે,
કહે છે વાત વ્રતની, સાધુ તો નારી પાસે

રાગ–સેવા આ સેવકની.

હરખ ધારી સાધુએ નારી પાસે, કહિ વાત વ્રતની વરણી
વિષ્ણુ હિતકારી, દેવને પુજીયેજી
સત્યનારાયણની માનતા પ્રતાપેરે (૨)
કન્યા જન્મી દસ માસે. કહિ વાત તે વ્રતની વરણી—વિષ્ણુ.
સ્વરૂપ પુત્રીનું જોઇ, લીલાવતી મનમોહ (૨)
...પ્રન બોલાવી નામ જોઇ, કહિ વાત વ્રતની વરણી—વિષ્ણુ
પુત્રી પ્રગટી છે કેવી, પુર્ણીમાના ચંદ્ર જેવી (૨)
...ાવતી નામ શુભ ધારો, કહિ વાત વ્રતની વરણી—વિષ્ણુ

સત્યનારાયણની ધારેલી માનતા પુર્ણ કરવા લીલાવતી પોતાના પતિને કહે છે:—

લીલાવતી— આશાવરી સાખી.

પ્રભુ પ્રતાપે પુત્રી કન્યકા, કુસુમ સમું બન્યું નામ,
શા કારણથી વીલંબ કરો છો, કહું છું જોડી હાથ.
સમસ્ત શ્રીહરિ.........માનેલું વ્રત પુર્ણ કરી.

સાધુવાણીઓ— દોહરો.

વાક્ય સુણી લીલાતણું, સાધુ કહે તે વાર;
વ્રત કરવું ભુલ્યો નથી. હમણે વ્રત નીરધાર

(પુત્રી કલાવતીને વીવાહ યોગ્ય થયેલી જોઇ લીલાવતી પોતાના પતીને કહે છે)

રાગ—દયા ધરી દીન જનોપર.

વિચાર કરી સ્વામીનાથ, પ્રભુ કૃપાએ હર્ષ ધરો,
કલાવતી મોટી થઇ છે, (૨) કૃપા કરી લગ્ન કરો.
કહું છું જોડી હાથ નાથજી, હું પાયે પડી,
સાધુએ વિચારી વાત, (૨) બોલાવ્યો દુત તેજ ઘડી.
જઇ જુઓ શ્રેષ્ટ વરને, ઢીલ નવ થાય લગાર;
હુકમે મુનીમ ગયો, (૨) કાંચનપુરી મોઝાર.
વિદ્યાવાન ગુણવાન, વણિક પુત્ર તેડી લાવ્યો,
રૂપે ગુણે પુર્ણ જોઇને, (૨) સાધુને હુલાસ આવ્યો.
તુર્ત તેડાવ્યા તે સમે, સગાં સબંધી સર્વ નાત,
લગ્ન કર્યાં પુત્રીતણાં, (૨) હર્ષ ધારી ભાળી ભાત.

સાખી.

દુઃખ ભોગવવું ભાગ્યમાં, તે મીથ્યા નવ થાય;
વ્રત કરવું ચુકી ગયો, વણિક વિવાહની માંય.

(સાધુ વણીકનું પોતાના જમાત્ર સાથે વેપાર કરવા જવું અને વ્રત નહિ કરવા બદલ શ્રી પ્રભુએ આપેલો શ્રાપ)

ત્રીતાલી ચોપાઇ.

લગ્ન પછી ગયા થોડા દિન, સાધુ વિચાર કરે છે મન,
જાવું લક્ષ્મી કમાવા કાજ, સાથે લીધો વેપારનો સાજ;
સાધુ જમાઇ ચાલ્યા તે વાર, આવ્યા રત્નપુરી મોઝાર,
ત્યાંછે ચંદ્રકેતુનું રાજ્ય, કરે વેપાર કમાવા કાજ.
ભુલ્યો વણીક વ્રતનું નામ, તવ કોપ્યા પોતે ભગવાન;
આપુ શ્રાપ થજો બંદીવાન, કરશે રાજા તુંને હેરાન.

(શ્રાપના પ્રતાપે સાધુવાણિયાને તથા તેના જમાઇને આવેલું સંકટ.)

રાગ-ગિતી.

એક દિવસે ચોરોએ, (૨) રાજ્ય ગૃહનો માલ ચોરી લીધો,
સીપાઈ વાંસે દોડયા, (૨) ઉગરવાનો વિચાર તો કીધો.
સાધુ જામાત્ર સુતા છે, (૨) ત્યાં જઇને માલ ફેંકી દીધો,
સીપાઈએ આવીને, (૨) સાધુવણિકને કેદ કરી લીધો.

દોહરો.

આવ્યા હર્ષથી દોડતા, રાજ્ય સભાની માંય;
લ્યો લાવ્યા બે ચોરને, આજ્ઞા આપો રાય.

(રાજા ચંદ્રકેતુની પાસે સાધુવાણીયાની નીર્દોષતા ભરેલી વિનંતી)

સાધુવાણિયો— માલીની છંદ.

નથી નથી મેં રાજવી, દુષ્ટ વિચાર કીધો,
નહિ નહિ મેં પોતે, ચોરીને માલ લીધો.

સત્ય કહું નૃપ આજે, આવીયું દુઃખ મારે;
નથી નથી નૃપ મારો, દોષ કાંઇ લગારે.

॥ श्लोक ॥

मायया सत्यदेवस्य न श्रुतं कैस्तयोर्वचः ।
अत स्तयो र्धनं राज्ञा गृहीतं चंद्रकेतुना ॥

અર્થ—સત્યદેવની માયાએ કરી તેઓએ જે કાંઇ કહ્યું તે કોઇએ સાંભળ્યું નહિ વળી તે વણીકનું જે કાંઇ દ્રવ્ય હતું તે પણ ચંદ્રકેતુ રાજાએ લઇ લીધું.

(સત્યનારાયણ પ્રભુના શ્રાપે કરી સાધુવાણીયાને ઘરે તેની સ્રીનું દુઃખી થવું.)

લીલાવતી— રાગ-દીલ મારૂં માને નહિ.

ગયા લક્ષ્મી કમાવાને સ્વામી પરદેશે, દુઃખ આવ્યું શ્રીનાથજી;
મેં પુર્વે કર્યું હશે મહાપાપી કામ, નડયું આજે શ્રી નાથજી.
ઘરની મહીં ચોરી થઇ, સર્વ લક્ષ્મી નાથ લુંટાઇ ગઇ.
નયણે વહે નીર નારીને, દુઃખ માંહિ આજ દબાઇ ગઇ.
ખાવા પીવા કંઇ નવ રહ્યું, ભીખ માગીને ઉદર ભરૂં.
પણ પુત્રી મુજ દુઃખ ભોગવે, મમ નાથજી હું શું કરૂં.
નાથ ભુખે મરૂં હું ભીક્ષા માગું તોય, દયા કરો શ્રી નાથજી.

(કલાવતી પુત્રીનું ક્ષુધાથી અકળાવું અને લીલાવતીએ આપેલ ધીરજ.)

રાગ-[illegible].

ક્ષુધા લાગી માતા ઉદરમાં સુએ. જીવ બહુ અકળાયરે,
કહો હવે માજી મારે શું કરવું ક્ષુધા તો કેમ વેઠાયરે—ક્ષુધા.
ધીર ધરી જાઓ ગામમાં બેટા, ભિક્ષાવૃતી કરવાયરે,
વિપ્ર ઘરે જઈ ભોજન માગો. આપશે લાવી દયાયરે.—ક્ષુધા.

(કલાવતીએ ભોજન માગવા જવું, કલ્પાંત અને લીલાવતીનું પુછવું.)

રાગ-પીલુ[illegible] ઠેકી.

પ્રભુ આ દશા શી મારી, અને કષ્ટ આપ્યું દુઃખકારી.
અરે હાય......પ્રીયતમ પરદેશ (૨) પ્રભુ આ દશા શી ગારી.
વિપ્ર ઘરે પુત્રી ગઈ, ત્યાં વિશ્ણુ વૃત થાય;
વૃત કથા પુરી થતાં, પ્રસાદ પામી ત્યાંય.
મધ્ય રાત્રીએ ઘરે આવી, માતા દયો પ્રસાદી હું લાવી, .અરે હાય.
અર્ધ રાત્રીએ કયાં હતી, સાચું કહે મુજ બાળ;
સ્વામી તુજ પરદેશ છે, કોઈ ચઢાવશે આળ.
વખત વિચારી રહેવું, પ્રભુ દુઃખ નાખે તે સ્હેવું...અરે હાય.

કળાવતી— રાગ-મરઠી સાખી.

માતુશ્રી હું ક્યાંય ન ગઈતી, હતી વિપ્રને ત્યાંય,
સત્યનારાયણ વૃત હતું, ત્યાં બેઠીતી સાંભળવાય;
કહું સત્ય કથી.....માતાજી મુજ દોષ નથી.

સત્યનારાયણ વૃતનું નામ સાંભળતાં લીલાવતીને અગાઉ માનેલ વૃતની યાદી આવતાં કળાવતીને કહે છે:—

લીલાવતી— રાગ બહુદિન પ્હેર્યા.

તુજ જન્મ અગાઉ તારા પીતાએ, માનતા વૃત્તી માનીરે,
તેજ પ્રતાપે પુત્રી તું જન્મી, વિષ્ણુ દેવની કૃપાથીરે,
તુજ પીતાએ વૃત કર્યું નહિ, તેથી દુઃખ પામ્યા ભારીરે
તેજ સમે દ્રવ્ય ઉચ્છીનું લઇને, વૃત કર્યું હીત કારીરે.
કૃપા કરી લાવો સ્વામી જામાત્રને, પરદેશેથી મોરારીરે,
સત્યનારાયણ પ્રસન્ન થઇને, કૃપા કરે શ્રી ગીરધારીરે.

॥ श्लोक ॥

अपराधं च मे भर्तृ जामातुः क्षंतु मर्हसि ।
इति दिव्यं वरं वव्रे सत्यदेवं पुनः पुनः ॥

અર્થ—હે ભગવાન! મારા પતિના તથા મારા જમાઇના જે કાંઇ અપરાધ થયા હોય તે આપ ક્ષમા કરવા યોગ્ય છો. આ પ્રમાણે શ્રી સત્યનારાયણ આગળ વારંવાર વરદન માગવા લાગી.

॥ श्लोक ॥

व्रतेनाने तुष्टोऽसौ सत्यनारायणः प्रभुः ।

(શ્રી સત્યનારાયણના વૃતના પ્રભાવથી શ્રી સત્યનારાયણ પ્રભુ તેના પર સંતુષ્ટ થયા.)

મરાઠી સાખી

ચંદ્રકેતુને સ્વપને જઇને, કહ્યું છે શ્રી અવીનશે,
સાધુ જામાત્રને મુક્ત કર તું નહિ તો નાશ તુજ થાશે;
કહીને જગતજ તાત..........ગયા થયું પ્રભાત.

રાગ ગિતી.

ચંદ્રકેતુ રાજાએ (૨) સભા ભરીને કહી સ્વપ્નની વાત,
વણીકને મુક્ત કરાવ્યા (૨) આવ્યા સભામાં સાધુ જામાત.

ચંદ્રકેતુ— ॥ શ્લોક ॥

दैवा त्प्राप्तं महद्दुःखमिदानीं नास्ति वैभयम् ।
तदा निगडसंत्यागं क्षौरकर्माद्यकारयत् ॥

અર્થ—દેવના યોગે કરી તમને દુઃખ થયું પણ હવે તમારે કંઇ ભય નથી. આ રીતે કહી બેડીથી મુક્ત કરાવી, ક્ષોર કર્મ કરાવ્યું.

ચંદ્રકેતુ— રાગ—સુણો નગર શેઠ.

સુણો વણીક સુત (૨), હવે જાઓ તમારે ઘેર,
સત્યદેવ માયા થકી, તમે દુઃખ પામ્યા બહુ પેર,
માફી માગું (૨), પુછયા વીણ મેં દુઃખ આપ્યું,
લુંટેલ દ્રવ્યથી બે ગણું દઇ, સાધુનું સંકટ કાપ્યું.

રાગ ગિતી.

સાધુ જામાત્ર બંનેને, (૨) નૃપ કહે છે સુખે તમે જાઓ;
પ્રણામ કરીને ચાલ્યા, (૨) ચંદ્રકેતુનો જય સદા થાઓ.

દોહરા.

અધ્યાય ત્રીજો થયો, શ્રવણ કરો શ્રોતાય;
મુળ સંસ્કૃત ઉપરથી, 'વિજય' કાવ્ય રચી ગાય.

ત્રીજો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૪ થો.

(સાધુ વાણીયાનું પોતાના ઘર તરફ પ્રયાણ કરવું.)

રાગ સવૈયા.

વળતે દિન વિચાર કરીને, સજ થયો સ્વદેશ જવાને,
બ્રહ્મ પુત્રોને દક્ષણા બક્ષિ અંતરમાં અતિ પ્રેમ ધરીને
નાવીકે તવ નાવ ચલાવ્યું, સુંદર સીંધુ મહાજળ મહિં
ઈચ્છા થઇ અવીનાશને એવી, કરૂં પરીક્ષા તે પાસ જઇ

રાગ ગિતી.

આવ્યા અંતર યામિ, (૨) વખત કસોટીનો ત્યાં જાણી,
સંન્યાસી સાધુનું, (૨) રૂપ ધરીને શ્રી સારંગ પ્રાણી.

રાગ ચોપાઈ.

સન્યાસી રૂપે પ્રભુજી તથા સાધુ વણીક:—
પુછું વત્સ હું અતિ પ્રેમ લાવી શું છે તારી આ નૌકાની માંહિ,
મહારાજા મુજ નૌકાની માંહિ, વેલા પત્ર વિના નવ કાંહિ.
કરી મશ્કરી વણીક કુમારે, તુર્ત જાણી લીધું જુગદાધારે,
આપ્યાં કષ્ટ મેં અનેક વ ર, મૂઢમતિને નથી દરકાર.

(સંન્યાસી રૂપે શ્રી હરિ સાધુ વાણીયાને શ્રાપ આપે છે.)

વિષ્ણુ— રાગ-મરાઠી સાખી.

તુજ વચન જા સત્યજ થાશે, મુરખજન અભિમાની,
દ્રવ્ય છતાં તું જુઠું બોલ્યો લક્ષ્મીનંદ ગુમાની.
પત્રવિણ કાંઇ........નવ તુજ નૌકાની માંહિ.

શાર્દુલ.

એ રીતે કહિ કૃષ્ણ ચંદ્ર પ્રભુજી સીંધુ કીનારે જઇ,
ઉભા અવીનાશી સદા અમરજો ક્રોધ ય માનઃ થઈ.
પરકમોં કરી સર્વ સાધુ વણીક, જુએ જઈ નાવમાં,
વેલા પત્ર વિના બીજું કંઇ નહિ, મુર્છા થઇ દેખતાં

સાધુ વણીકનો કલ્પાંત— રાગ—દમયતીનો

સાધુ શોકાતુર થઇ...કરે અતિશય વિલાપ,
તારણહાર આ શું કર્યું...મુજને દીધો શ્રાપ —સાધુ.
ચાલ જાઉં જગદાધારની...પાસે જઇ લાગું પાય
કર જોડી કરૂં વિનતી...આશા સફળ સહુ થાય.—સાધુ.

(સાધુવાણીયાને તેના જમાઇ ચંદ્રકાંત ધીરજ આપે છે.)

ચંદ્રકાંત— રાગ—નાથ નવ કરો.

ધીરજ પળ ધરો.........સારૂં સૌ થવાનું રે.(૨)
ચાલો સાથ મુજ સંગાથ, નાથ પાસ, જોડો હાથ
દુઃખ સૌ જવાનું રે............ધીરજ પળ ધરો.
દુઃખ કાપનાર, દીન દયાળ દેવરે. (૨)
સત્ય ધરિ, સ્મરો હરિ, પાપ તણો ત્યાગ કરી.
શુદ્ધ મને સેવો રે . ...ધીરજ પળ ધરો.

રાગ—ઝિતી.

વણીક પુત્ર તે વારે (૨) ગયો દંડીની પાસ પ્રેમ લાવી;
અગણીત મુજ અપરાધો (૨) ક્ષમા કરોને દયા દિલે લાવી.

(શ્રી સત્યનારાયણ પ્રભુ સન્યાસીનું રૂપ ત્યાગી સાધુ વાણીયાને કહે છે)

રાગ-ક્ષત્રિકલંક.

ધીક્ તુજ બુદ્ધિ દુષ્ટ વણિક, શરમ તુંને નવ આવીરે,
કરી પરિક્ષા મેં વાર ઘણીક.........શરમ.
રોમાં રોમાં મુંઢ મતિ મંદ.........શરમ.
લોભી લાલચુ થયો લક્ષ્મી નંદ.........શરમ.
નવ પુજન કર્યું ધરી પ્યાર.........શરમ.
કરી શઠતાઇ તેં ઘણીવાર.........શરમ.
પાત્ર નથી તું દયાનું લગાર.........શરમ.
તેનું ફળ ભોગવ વારવાર, શરમ તુને નવ આવીરે.

(સાધુ વાણીયાની પ્રભુ પ્રત્યે દીનતા ભરેલી પ્રાર્થના)

સાધુ— રાગ-હિંડી.

દયા દિલે ધરો નાથ પ્રેમ ધારી, મતિ મંદ હું કરગરૂં આ વારી;
અપરાધ મુજ સર્વ દીયો વીસારી.........દયા દિલે ધરો.
હું મૂઢ ના સમજયો તમારી માયા, અનેક દેવતાઓ તે મહિ ઠગાયા;
વિધી હર તણી ન ચાલે કાંઇ કારી.........દયા દિલે ધરો.
હું દિન મારૂં તારૂં જાણનારો, દયા લાવી મુજ દુઃખ સૌ વિદારો;
કરીશ વ્રત ત્યાં હું પ્રેમથી પધારી, દયા દિલે ધરો નાથ પ્રેમ ધારી.

(સાધુવાણીયાના અપરાધની માફી અને પ્રભુએ આપેલ આશીર્વચન.

રાગ-આ તારા વચનો.

નાવ માંહિ દ્રવ્ય તારૂં, હતું તેમ થાશે;
ચિંતા ન ધરજે ચિત માંહી, રે......સાધુ-નાવ માંહિ.

વણીક તું ભાગ્યશાળી, સત્યદેવ તું લે સંભારી;
મન વાંછીત ફળ મળશે, રે......સાધુ—નાવ માંહિ
ચાલો હવે નાવ માંહિ, કરીએ વ્રત ત્યાંહિ
કરોને જવાની ઘેર તૈયારી, રે.......સાધુ—નાવ માંહિ.

॥ श्लोक ॥

वरं च वांछितं दत्त्वा तत्रैवांतर्दधे हरिः ।
ततो नावं समारुह्य दृष्ट्वा वित्तप्रपूरिताम् ॥

અર્થ—ઇચ્છેલું વરદાન આપી ભગવાન ત્યાંજ અંતર્ધાન થઈ ગયા, ત્યાર પછી હોડીપર ચડી સાધુવાણીઓ જુવે છે તો હોડી વિત્તથી ભરપૂર જોઈ.

॥ श्लोक ॥

कृपया सत्यदेवस्य सफलं वांछितं मम ।
इत्युक्त्वा स्वजनैः सार्धं पूजां कृत्वा यथाविधि ॥

અર્થ—ભગવાન સત્યદેવની કૃપાથી મારા સર્વ મનોરથ પાર પડ્યા, એમ કહી પોતાના મિત્ર સહિત તેણે ત્યાં યથા વિધિ સત્યનારાયણનું પૂજન કર્યું.

રાગ—ચોપાઇ.

ચાલ્યા સાધુ જમાઇ સ્વદેશ, સંભારીને શ્રી મથુરેશ;
દુરથી રત્નપુરી દેખાય, પુછે જમાઇ સાધુને ત્યાંય.
જુઓ શેઠજી આ શું દેખાય, એ મમ રત્નપુરી જણાય;
હવે જાશું નગરના મોઝાર, કરશું વૃત કથા ધરી પ્યાર.

(રત્નપુરી નગરની સમીપમાં આવી સાધુ પોતાના વાણોતરને કહે છે.)

રાગ-ગિતી

જા અનુચર તું વેગે (૨) શુભ વધામણી આપ શેઠાણીને;
આવ ત્વરાએ પાછો,(૨) મમ પ્રિયાની સાથ પુત્રી લઇને,

(વાણોતર ઘરે આવી લીલાવતી શેઠાણીને વધામણી આપે છે)

રાગ મરાઠી સાખી

સુણો સતિજી કહું શીષ નામી, તમ સ્વામીજી આવ્યા
અહિં સલામત શેઠ જમાઈ, ધન અતિશય લાવ્યા;
ચલો મમ સાથે.........લઈ પુત્રી સંગાથે

(લીલાવતી પોતાની પુત્રીને ભળામણ આપી પોતાના પતિ તથા જમાઈને મળવા જાય છે)

રાગ નાથ નવ કરા.

પુત્રી વ્રત કરો......શુભ વધાઇ આવીરે......(૨)
મુજ જમાઇ, તુજ પીતાઇ, ધન કમાઇ, આવ્યા આઇ
દુઃખ દે વિસરીરે.......પુત્રી વ્રત કરો;
જઇશ હાલ હું...... તુજ પીતાજી પાસરે
વસ્ત્ર અંગ, ધરી ઉમંગ, કરી લે વ્રત શુભ પ્રસંગ;
આવજે હુલાસેરે........પુત્રી વ્રત કરો.
વ્રત પુરૂં કરી.......પ્રસાદ, પુત્રી ત્યાગીરે,
સ્વામી નાથ, પીતા સાથ, કયારે જઇને જોડું હાથ;
હર્ષ ઘેલી ચાલીરે,.......પુત્રી વ્રત કરો.
તવ કોપ્યા પ્રભુ, ...બાળા મદ ભરેલીરે,

ચોંટયું ચિત, પતિમાં પ્રીત, પ્રભુ વીસર્યા કેવી રીત,
બાળાને આવી ભાળીરે................પુત્રી વ્રત કરો.

રાગ-સર્વનું કરો કલ્યાણ.

કળાવતી આવી તે વાર સિંધુતીરે, કળાવતી આવી તે વાર.
દ્રષ્ટી કરીને જુએ છે બાળા, (૨)સર્વને ભાળ્યા તે વાર.સિંધુ.-
પ્રભુ કોપ્યાથી પતિ ન ભાળે,(૨)પૂછે માતને બાળ-સિંધુ
માતુશ્રી મુજ પતિ કહો કયાં. (૨)બતાવોને આ વાર-સિંધુ.
તપાસ કરી ત્યાં સર્વ જણાએ.(૨)જોયા નહિ તે વાર-સિંધુ.
માતાપિતા પુત્રી રૂદન કરે ત્યાં (૨) નાવ ડુબ્યું નીરધાર-સિંધુ.

લિલાવતી— ॥ श्लोक ॥

इदानीं नौकया सार्धं कथं सोऽभूदलक्षितः।
न जाने कस्य देवस्य हेलया चैव सा हृता ॥

અર્થ—હમણાંજ વ્હાણ સાથે આપણો જમાઇ કયાં અદૃશ્ય થઇ ગયો હશે, હું નથી જાણી શક્તિ કે કયા દેવની અવગણના કરવાથી વ્હાણ જળમાં ડુબી ગયું હશે.

॥ श्लोक ॥

सत्यदेवस्य माहात्म्यं ज्ञातुं वा केन शक्यते।
इत्युक्त्वा विललापैव तत श्च स्वजनैः सह ॥

અર્થ—અથવા સત્યદેવનું માહાત્મ્ય જાણવા કોણ શક્તિમાન છે આ પ્રમાણે કહી બંધુવર્ગ સાથે તે પુષ્કળ રડવા લાગી.

કળાવતિનું રૂદન—　　　રાગ-લલિત.

કયાં ગયા અરે પ્રાણ નાથજી, કરૂં હવે શું હું કહો માતજી,
લગ્ન ગાંઠથી બાંધી મુજને, ગયા પ્રદેશ તે છોડીને મને.
મુખ કયાંય મેં નવ નીહાળીયું, જીવન સર્વ મેં દુઃખે ગાળીયું,
હે હરિ હવે મારૂં શું થશે, નાથ વીણ તો દિન કેમ જશે.
પતિ ચર્ણની પાદુકા લઈ, બળી મરૂં હવે એમ ઉચરી,
એવું સુણીને ઉદાસ સૌ થયા, નીર નેત્રમાં ચાલી નીસર્યા.

સાધુ—　　　રાગ-અવર મદન અલબેલો.

આવ્યું છે કષ્ટ ભારી નારાયણ, આવ્યું છે કષ્ટ ભારી,
ઓચીંતું દુઃખ શાથી આવ્યું (૨) તે દુઃખથી લ્યો ઉગારી.-નારા.
પામર પ્રાણી અમે કહેવાયે (૨) આવી હશે ભુલ અમારી.-નારા.
બ્રહ્મા, શંકર સરીખા ભુલે છે (૨) એવી માયા પ્રભુ તારી.-નારા.
નાવ સહિત જમાઇ બતાવો (૨) કરૂં વૃત આંહીં મોરારી.-નારા.
નમ્ર વિનતી સુણી વણીકની (૨) અદૃષ્ય થઇ પ્રભુ વાણી.-નારા.

અદ્રશ્યતાથી સત્યનારાયણ પ્રભુ સાધુ વાણીયાને કહે છેઃ-

રાગ-ભમર ભમે છે.

સુણ વણીક વાત, તુજ પુત્રી પ્રસાદી ત્યાગી, પ્રસાદી ત્યાગી;
પ્રભુ પ્રસાદ છોડી, હર્ષ ઘેલી ભાગી,
તે અપરાધે પુત્રી પતિ નહીં પામે, પતિ નહિ પામે;
અદૃશ્ય કર્યો છે તે પાપે જળમાં મેં;
તુજ દીન વાણીથી દયા વણીક હું લાવું, વણીક હું લાવું;
પુત્રી પતિ પામે, ઉપાય એવો બતાવું.

તુજ બાળ ઘરે જઈ, મુજ પ્રસાદી ખાયે, પ્રસાદી ખાયે;
નાવ સહિત તારો, સાધુ જમાઇ દેખાયે.

માલીની છંદ.

સુણી અદૃષ્ય વાણી, પુત્રી તો ઘેર આવી;
પૂજન કર્યું પ્રભુનું, હર્ષથી પ્રીત લાવી.
પ્રણમી પ્રસાદ ખાધો, સત્ય પ્રભુને પાયે;
તવ ત્વરાથી ચાલી, સિંધુને તીર જાયે.

દોહરો.

નાવ સહિત જોયા પતિ, સર્વને લાગી પાય;
શ્રીજી પ્રતાપે શુભ થયું, કરો પીતાજી કથાય.

રાગ-વિરા વેશ્યાંના યારી

સુણી પુત્રિની વાણી ઉલટ આણી, કરે છે વ્રત કથાય,
સત્યનારાયણ વ્રત કરતાં, આનંદ ઓચ્છવ થાય;
વ્રત પુરૂં થતાં બાળા કહે છે, ચાલોને ઘેર પિતાયરે-સુણી
આનંદથી સૌ ઘેર જઇને, સદા રહ્યા સુખ માંય;
ધન ધાન્ય સુખ સંપતિ પામી, કરે છે નિત્ય કથાયરે-સુણી.
વિશ્ણુ પ્રતાપેથી સર્વ કુટુંબી, સાધુના વૈકુંઠે જાય;
શ્રીજી પ્રતાપેથી સાધુની કથા, હર્ષથી વિજય ગાયરે-સુણી

દોહરો.

અધ્યાય ચોથો થયો, શ્રવણ કરો શ્રોતાય;
મુળ સંસ્કૃત ઉપરથી, વિજય કાવ્ય રચી ગાય.

ચોથો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૫ મો.

રાગ-ગિતી.

સુત પુરાણીક વદીઆ, (૨) સાંભળો મુની શ્રેષ્ઠ શૌનકરે,
પાપી પાવન થાએ,(૨) એકાગ્ર થઇ જો ચિત માંહિ ધારે.

રાગ-ઇશ તન ધનકી કોન બડાઇ.

પૂર્વે રમણીક નગરની માંહિ, રાજ્ય કરેછે નરેષ ગુણ ગામી.
પાળે પ્રજાને પુત્રની રીતે, કષ્ટ સહુનાં કાપતો નિત્યે -પૂર્વે.
ઇંદ્ર સમાન અધિક રૂપાળો, ન્યાયી ધર્મ સમા ગુણ વાળો-પૂર્વે.
તુંગ ધ્વજ એ નામ છે સારૂં, કાર્ય કરે નહિ કાંઇ નઠારૂં-પૂર્વે.
રૂડી રીતે રાજ્ય ચલાવે, ગુણી જન ગુણ નીરંતર ગાવે-પૂર્વે.

રાગ-સુણો નગર શેઠ.

તે રાજાએ, (૨) છોડયો પ્રસાદ પ્રભુનો.
દારૂણ દુઃખ તેનેજ પડીયું. સત્ય વચન મુજ માનો.
અરણ્ય માંહિ (૨) તે સંચર્યો મૃગને માટે.
અગણીત પશુનો સંહાર કરીને, ચાલ્યો નીજ પુર વાટે.

રાગ-ચોપાઇ.

આવ્યો વડના ઝાડ નજીક, વિશ્રાંતી લેવા ક્ષણ એક,
ત્યાં કરે છે ગોપ કથાય, દ્રષ્ટી કરીને જુવે છે રાય.
નવ જઇને કર્યા ત્યાં પ્રણામ, નહિ સમર્યું દુષ્ટે પ્રભુ નામ.
આવ્યા પુજન કરી રાય પાસે, લાવ્યા ગોપ પ્રસાદ હુલ્લાસે.

રાગ—શીખરણી.

લીધો ના તે રાયે પ્રસાદ પ્રભુનો પ્રેમ ધરીને.
દુ:ખો તેને દીધાં અગણીત ઇર્ષે કોપ કરીને,
હતા પુત્રો તેને અતુલ બલ રૂપે નહિ મણા.
ગયા શત્રુ હાથે દશ દશક એ સર્વ શાણા.
થયું નષ્ટ સર્વે અન ધન અને રાજ્યધાની.
હર્યું નાથે હાથે તુર્ત અભિમાની રાય માની.

રાગ-સામગ્રી.

નિર વહે નયનો થકી.......કરતો અતીશય ઉચાટ,
સત્ય નારાયણ કોપીયા, કુડા કર્મ લલાટ-નિરવહે.
વાંકી વિધાત્રી તું કેમ થઇ, મમ સૂત રાજ્યનો નાશ.
અગણીત ભુલો મેં કરી, માફ કરો અવીનાશ-નિરવહે.
નીશ્ચે જઇશ હું નાથજી........સર્વ ગોપની પાસ.
પુજન કરીને પરમેશ્વરા, આવીશ મારે અવાસ-નિરવહે,

॥ શ્લોક ॥

ततोऽसौ सत्यदेवस्य पूजां गोपगणैः सह ।
भक्तिश्रद्धान्वितो भूत्वा चकार विधिना नृपः ॥

અર્થ-પછી ભક્તિ તથા શ્રદ્ધા યુક્ત થઈ તે રાજાએ વિધી પ્રમાણે શ્રી સત્યદેવનું પુજન ગોવાળીઆઓ સાથે કર્યું.

રાગ-શા માટે શ્રમ કરે.

પ્રેમેથી વ્રત કરી, પ્રભુ તુજ ચર્ણે મસ્તક ધરી.(૨)
હવે માફી કરો શ્રી હરિ,(૨)

અવિનાશી મુજ મન વિષે, મત્સર હતો મ્હારાજ.
નામી શીષ હું નાથજી...માગું છું મમ રાજ.
મમ પુત્ર શત તમેજ હણિયા, તમ મહિમા મેં ઉત્તમ ગણીયા.
અતિ પાપ મુજ માફ કરીને, આપો સર્વે હરિ. (૨)
વદું છું નાથ વિનતી કરી. (૨) હવે માફી કરો શ્રી હરિ.
સુણી રાયની દુઃખ ભરી વાણી, થયા પ્રસન શ્રી સારંગ પાણી.
મમ પુજાથી પ્રસન થયો છું, જા સુખ ભોગવ ફરી. (૨)
વદું છું રાય દયા હું કરી, (૨) હવે માફી કરો શ્રી હરિ.

રાગ–શાર્દુલ.

પામી પુરણ સુખ પુત્ર ધન તું, રાજ્યાસને રાજવી,
ભોગવ ભોગ નૂતન અવનીમાં, સત્યઃ પ્રસાદે કરી;
અંતે સત્યપુરે જઇ અધીપતી, વૈકુંઠ વાસી થીઓ,
સુખકારી હરનીશ જેહ એવો, મીષ્ટ મહિમા કહયો.

॥ श्लोक ॥

य इदं कुरुते सत्यव्रतं परमदुर्लभम् ।
श्रुणोति च कथां पुण्यां भक्तियुक्तः फलप्रदा ॥

અર્થ—પરમ દુર્લભ આ સત્યદેવનું વ્રત જે કોઇ કરે છે તથા ભક્તિ યુક્ત થઇ પુણ્ય ફળને આપવા વાળી કથાનું જે કોઇ શ્રવણ કરે છે.

ईप्सितं च फलं भुक्त्वा चाते सत्यपुरं व्रजेत् ।

અર્થ—તે મનુષ્ય ઇચ્છીત ફળ ભોગવી અંતે સત્ય લોક પ્રતિ જાય છે.

विशेषतः कलियुगे सत्यपूजा फलप्रदा ।

અર્થ—ઘણુ કરીને કળીયુગમાં આ શ્રી સત્યદેવની પુજા ફળને આપવા વાળી છે.

રાગ–ઠુમરી.

અગણિત......મુજ નામ કહું છું (૨)
મુજ પ્રસાદથી દુઃખ વંઝાપણુ, જાયે રોગ તમામ.–કહું છું
કળી માંહે તો સત્ય નારયણ, આપે વૈકુંઠ ધામ.–કહું છું

રાગ–શાર્દુલ

વ્રત કરતા જે ભક્તને સુખી કરી. તાર્યા બહુ પ્રીતથી,
જન્મ ધર્યા ફરી પ્રભુ ચરણમાં, ભક્તિ કરી ચિત્તથી;
વિપ્ર સુદામા થઇ કૃષ્ણ ચરણે સેવા કરી તન મને,
ભીલ ગૃહ રાજા થયો વ્રત કરી, નિત્યે ભજે રામને.
ઉલ્કામુખજી રાય દશરથ થઇ, શ્રી રામ સંગે રહ્યા,
સાધુ વણીક જન્મ શુભ ધરીને, મોરધ્વજજી થયા;
દીધું કાશી દાન અર્ધ શરીરનું, વેરી કરવતથી,
પામ્યા મોક્ષ ટળ્યું જન્મ મરણ સૌ, એવી પ્રભુ ભક્તિથી.

રાગ–ગિતી.

તુંગધ્વજ રાજા તો, (૨) છઠા સ્વયંભૂ નામે મનુ થીયા;
વૈશ્નવ ધર્મને પાળી (૨) મહા ભાગવત રચી મોક્ષે ગીઆ.

॥ श्लोक ॥

नानारूपधरो भूत्वा सर्वेषामीप्सितप्रदः ।
भविष्यति कलौ सत्यव्रतरूपी सनातनः ॥

અર્થ-અનેક પ્રકારના રૂપને ધારણ કરવાવાળા શ્રી સત્યનારાયણ પ્રભું સર્વના મનોરથને પુરવાવાળા છે. કળીયુગમાં સત્યવૃત રૂપી સનાતન ધર્મ લાંબા સમય સુધી રહેશે.

દોહરો.

સત્ય કથા પુર્ણ થઈ, શ્રવણ કરો શ્રોતાય;
શ્રી પ્રભુના ગુણગાનથી, નિશ્ચે મોક્ષ પમાય.

॥ श्री सत्यनारायण देवकी जे ॥

अच्युतं केशवं श्री राम नारायणं श्री कृष्ण दामोदरं श्री वासुदेवं भजे श्रीधरं माधवं गोपिका वल्लभं श्री जानकी नायकं श्री राम कृष्णं भजे.

સમાપ્ત.

આરતિ.

જય લક્ષ્મી સ્વામી, પ્રભુ જય લક્ષ્મી સ્વામી;
દુઃખ હરતા બહુનામી, (૨) શ્રી સત્યદેવ સ્વામી.—જય.
હરિ અનેક રૂપ ધરેલ, દીનના દુઃખ હરવા—પ્રભુ.
વિષ્ણુદેવ પ્રગટ્યા પ્રભુ, (૨) સૌને સુખ કરવા.—જય.
મોહિત આપ સ્વરૂપ, અતિ લાગે પ્યારૂં.—પ્રભુ.
ભક્તિ કરી સુખ પામે (૨) નિત્ય હૃદય મારૂં—જય.
ગાયે ગુણ અપાર, ઈંદ્રાદીક દેવો.—પ્રભુ.
અલ્પ ખર્ચે સુખ આપે, (૨) પ્રભુ મહિમા એવો.—જય.
મહા કળીકાળે આપ, પ્રત્યક્ષે ભાળ્યા—પ્રભુ.
વ્રત પ્રતાપે સૌના (૨) મહા દુઃખ ટાળ્યાં.—જય.
પ્રેમ ધરીને જે ભક્ત, સત્યદેવને સેવે.—પ્રભુ.
આયુષઃ કિર્તી સુખ (૨) દ્રવ્ય, પુત્ર, દેવે—જય.
કથા સાંભળી સર્વે, આ આરતિ ગાવો—પ્રભુ.
કર્યાં હશે જે પાપો (૨) તે પ્રલય થાવો—જય.
બહુ કૃપા કરી નાથ, સ્હાયને કરવા.—પ્રભુ.
ભક્તિ દીઓ પ્રભુ અમને (૨) ભવસાગર તરવા—જય
મુજ બુધ્ધિવડે આપ, કથા કાવ્યેથી કરી.—પ્રભુ.
'વિજય'ને ચર્ણે રાખો (૨) કહે વિનતી કરી—જય.

છપાવી પ્રસિદ્ધ કર્તાઃ—વિજયશંકર લવજી શર્મા,
ઠેકાણું:—રાજુલા (કાઠીયાવાડ)
છાપનારઃ—અમરચંદજી લક્ષ્મીચંદજી બૈદ,
ઠેકાણું:—શ્રી હિન્દ લક્ષ્મી છાપખાનું કાલબાદેવી, મુંબઈ, ૨.

થાળ.

રાગ—બળવંતા બેલી.

મુજ દ્વારે આપ પધારો આજ,—ભાવે ભોગ ધરાવું.
પ્રભુ પ્રિત ધરી આરોગો આજ,—ભાવે ભોગ ધરાવું.
શ્રી હરિ તમારી ભક્તિ કરીને સુખ પામુ. (૨)
ધરી નૈવેદ દુઃખડાં વામું આજ,—ભાવે ભોગ ધરાવું.
સ્વચ્છતાથી સર્વે લાવી, રસોઇ રસાળ બનાવી (૨)
મન માની મીઠાઇ મંગાવી આજ —ભાવે ભોગ ધરાવું.
શીરો સોજીનો કરાવી, પીસ્તા બદામ નખાવી (૨)
એલચી ને દ્રાક્ષ લાવી આજ —ભાવે ભોગ ધરાવું.
પુરીને પુરણ પોળી કરી, દુધને ઘીમાં બોળી. (૨)
કાઢયો રસ કેરી ઘોળી આજ —ભાવે ભોગ ધરાવું.
લીલાં ફળ ફુલ સુધારી શાકો સૌ ઘીએ વધારી (૨)
આરોગો આવી મોરારી આજ,—ભાવે ભોગ ધરાવું.
શ્રદ્ધા મુજ દીનની સ્વીકારી હયો છપ્પન ભોગ આ ધારી(૨)
ધરૂં ગંગાજળની ઝારી આજ,—ભાવે ભોગ ધરાવું.
મુખવાસ સ્વીકારો મુખમાં પ્રભુ સ્હાય થાજો દુઃખમાં.(૨)
સૌ ભક્તને આપો સુખ મહારાજ,—ભાવે ભોગ ધરાવું.

ઉમદા ફોટોગ્રાફ એ જીંદગીની અમર યાદગીરી છે.

અમારા સ્ટુડીઓમાં ફોટોગ્રાફીક કામ, તેમજ ઓઇલ પેઇન્ટીંગ, રશીયન પેઇન્ટીંગ, મોનોક્રોમ કલરવર્ક અને બ્લેક એન્ડ વ્હાઇટ એનલાર્જમેન્ટ વિગેરે દરેક કામ સંતોષકારક કરી આપવામાં આવે છે.

અમારૂં તદ્દન નવું ડેલીઓ ટાઇપનું નવ જુદા જુદા રંગનું કામ ઘણુંજ દીલ આકર્ષક અને મનરંજન છે જે જોવાથી ખાત્રી થશે. અમારા ભાવો તદ્દન ઓછા છે. અને કામ ઘણું ઉમદા છે. માટે એક વખત પધારી ખાત્રી કરો.

લક્ષ્મી આર્ટ ફોટો સ્ટુડીઓ.

૨૯૪, ગોવીંદ વાડી, કાલબાદેવી રોડ,

દ્વારકાનાથજીના મંદીર સામે,

મુંબઇ, નં૦ ૨.